## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ એન્વાયરમેંટના પ્રસંગે એક એવા નેતાને બોલાવ્યા છે જેમણે ખાતામાં રહી વૃક્ષોનું એટલું નિકંદન કાઢ્યું છે કે આવનારી પેઢીને વૃક્ષો ઉગાડ્યા વગર છુટકો ન રહેવા દઈને ઉત્તમ પ્રેરણા પુરી પાડી છે...!!

### મુખ્યમંત્રીનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

# માલવાહક વાહનોને મોટર વાહન કરમાં બે માસની મુક્તિ

### ૨ લાખ ૮૦ હજાર માલવાહક વાહનધારકોને અંદાજે કુલ ૧૦૦ કરોડ રૂપિયાની રાહત મળશે : એપ્રિલ અને મે માસનો મોટર વાહન ટેક્સ લેવાશે નહીં

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વાયરસથી ઉદભવેલી પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાંથી રાજ્યના અર્થતંત્રને અને જનજીવનને પુનઃધબકતુ અને પૂર્વવત કરવા ૧૪૦૨૨ કરોડ રૂપિયાનું ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરેલુ છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે વધુ એક મહત્વપૂર્ણ જાહેરાત કરીને રાજ્યમાં માલવાહક વાહનો-ગુડ્ઝ કેરેજને મોટર વ્હિકલ ટેક્સ ભરવામાંથી એપ્રિલ અને મે એમ બે માસ માટે મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે

મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્યના ગુડ્ઝ કેરેજ-ટ્રાન્સપોર્ટ ઓનર્સ દ્વારા લૉકડાઉનની સ્થિતિમાં વાહન યાતાયાત પરના નિયંત્રણના કારણે તેમને આવો મોટર વ્હિકલસ ટેક્સ ભરવામાંથી રાહત આપવાની રજૂઆત મળી હતી

મુખ્યમંત્રીશ્રીએ આ રજૂઆતનો ત્વરીત સાનુકૂળ પ્રતિસાદ આપતા આવા ગુડ્ઝ કેરેજ માટે બે મહિનાનો મોટર વ્હિકલ ટેક્સ રાજ્ય સરકાર લેશે નહિ તેવી જાહેરાત કરી છે

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયના પરિણામે રાજ્યના ૨ લાખ ૮૦ હજાર માલવાહક વાહનધારકો-ગુડ્ઝ કેરેજ ઓનર્સને એપ્રિલ અને મે બે મહિનાનો મોટર વ્હિકલ ટેક્સ ભરવામાંથી મુક્તિ મળતા કુલ અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાની રાહત થશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત આત્મનિર્ભર પેકેજમાં ખાનગી લકઝરી બસ-કોન્ટ્રેક્ટ કેરેજ બસ તથા જીપ, ટેક્સી-મેક્સી કેબને લૉકડાઉનની સ્થિતિમાં રાહત આપતા છ માસ માટે એટલે કે ૧લી એપ્રિલ થી ૩૦મી સપ્ટેમ્બર સુધીના સમય માટે રોડ ટેક્સ ભરવામાંથી સંપૂર્ણ માફી આપેલી છે તેનો લાભ અંદાજે ૬૩ હજાર જેટલાં આવા વાહનધારકોને મળવાનો છે.

હવે, ૨ લાખ ૮૦ હજાર માલવાહક વાહનધારકોને પણ બે મહિના માટે મોટર વ્હિકલ ટેક્સ ભરવામાંથી મુખ્યમંત્રીશ્રીએ મુક્તિ આપી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની આજે ૭૫ દિવસ બાદ મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં મ્યુનિ. કમિશનરશ્રીની ગેરહાજરી સભ્યોને ખૂંચી હતી. સતત ત્રણ વખતથી તેઓ સ્થાયી સમિતિની બેઠકમાં હાજરી આપતા નથી જેને લઈ પણ શહેરમાં ચર્ચાઓ જાગી છે.
- ગાંધીનગર શહેરમાં લોકડાઉનના કારણે એર પોલ્યુશનમાં સારો એવો સુધારો જોવા મળ્યો હતો તેવુ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સૂત્રો જણાવી રહ્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓની આજે સંયુક્ત બેઠક યોજાઈ હતી. જેમાં વર્તમાન સ્થિતિ અને આગામી દિવસો અંગે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.
- આજે રાજ્યના અધિક મુખ્ય સચિવ (પંચાયત) અગ્ર સચિવ આરોગ્ય અને ગ્રામ વિકાસ કમિશનરને સાથે રાખી સાંજે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય અને કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીને હોમ ક્વોરેન્ટાઈન કરાયા છે.
- ગાંધીનગર જિલ્લાની વિવિધ કચેરીઓમાં હજુ મુલાકાતીઓ નહિવત સંખ્યામાં આવે છે.

# કોરોના મુક્ત બનેલી યુવતિનો તબીબોનો આભાર માનતો વિડીયો વાઈરલ

### સિવિલ હોસ્પિટલમાંથી રજા આપી દેવાયા બાદ પણ તબીબો તેની તબિયતની જાણકારી મેળવી રહ્યાં છે

ગાંધીનગર, તા. ૫

નોવેલ કોરોના વાયરસનો જેટલો હાઉ છે તેના પ્રમાણમાં દર્દીઓનો તેમાંથી સાજા થવાનો રેશિયો ઊંચો છે જેના પગલે આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાથી ડરવાને બદલે માત્ર સાવચેત રહેવા અને ગાઈડલાઈનનુ પાલન કરવા અનુરોધ કરવામાં આવે છે. ગાંધીનગરમાં આયેશા ત્રિવેદી નામની એક કોરોના પોઝીટીવ યુવતિનો વિડીયો સોશિયલ મિડીયામાં વાઈરલ થવા પામ્યો છે જેને 'કોરોના મુક્ત' થતા રજા આપી દેવામાં આવી છે અને હવે તે 'કોરોના નેગેટિવ' છે અને આ વિડીયોમાં તે તેની સારવાર કરનાર તબીબોની પ્રસંશા કરી આભાર માની રહી છે.

આયેશા ત્રિવેદી તેના વિડીયોમાં કહી રહી છે કે તેનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યાં પછી તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

જ્યાં તેજલ બ્રહ્મભટ્ટ અને કૃષ્ણા પ્રજાપતિ નામના તબીબો દ્વારા તેની વિશેષ કાળજી લેવામાં આવી હતી. તેને એલોપેથી દવા સાથે સપોર્ટેક હોમિયોપેથી દવાઓ પણ આપવામાં આવતી હતી અને બંને તબીબો દ્વારા નિયમિત તેના સ્વાસ્થ્યની તકેદારી રાખવામાં આવતી હતી એટલુ જ નહી પરંતુ હાલ પણ તેને કોરોના નેગેટિવ થયાં બાદ રજા આપી દેવાયેલી હોવા છતાં આ બંને તબીબો દ્વારા સતત વ્યક્તિગત રીતે નિયમિત તેની તબિયતની જાણકારી લેવામાં આવી રહી છે. બંને તબીબોની આટલી કાળજી બદલ આભાર માનવા તેણે આ વિડીયો સોશિયલ મિડીયામાં અપલોડ કર્યો છે.



## પંચદેવ મંદિર બંધ રહ્યું પણ મહિલાઓએ પૂજા કરી....!!

શહેરમાં આજે વટ સાવિત્રીના વ્રતની મહિલાઓએ પારંપરિક રીતે પૂજા કરી હતી. દર વર્ષે શહેરના સે-૨૨ ખાતેના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે વડની પૂજા કરવા ટેવાયેલી મહિલાઓએ આ વર્ષે કોરોના મહામારીના પગલે હજુ ધર્મસ્થાનો ખોલવાની મંજૂરી આપવામાં ના આવી હોવાથી બંધ રખાયેલા મંદિર કેમ્પસની બહારના વડની પૂજા કરી હતી તેમજ આ પ્રસંગે મહિલાઓએ મંદિરના પુજારીનું તિલક કરી સન્માન કર્યું હતું. બીજી તરફ પંચદેવ મંદિરે વટ સાવિત્રીના વ્રતની પૂજા કરવા એકઠી થયેલી મહિલાઓને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા પોલીસ કર્મચારી ધર્મેન્દ્રસિંહ દ્વારા સતત માઈક દ્વારા લાઉડ સ્પીકર પર સૂચનાઓ આપવામાં આવી હતી. ધર્મેન્દ્રસિંહે બજાવેલી ફરજને પણ મહિલાઓ દ્વારા પ્રસંશા પ્રાપ્ત થઈ હતી.



પર્યાવરણ બચાવવાનો એકમાત્ર ઉપાય એટલે વધુમાં વધુ વૃક્ષોનુ વાવેતર અને હયાત વૃક્ષોનુ સંરક્ષણ... વિકાસના કામો માટે વૃક્ષો દિન પ્રતિદિન ઓછા થઈ રહ્યા છે. ત્યારે દરેકે દરેક નાગરિકે વૃક્ષોનુ વાવેતર કરવુ હવે ફરજિયાત થઈ ગયુ છે. વિશ્વ પર્યાવરણ દિનના અવસરે શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસે વૃક્ષારોપણ કરી દરેક વ્યક્તિને પોતાના ઘરની પાસે એક એક વૃક્ષ ઉછેરવાની અપીલ કરી છે.

# કોરાનાના સંકટ વચ્ચે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવા ૭મી એ બેઠક

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દાયકાથી ભવ્ય રીતે ઉજવાતા ભગવાન જગન્નાથજીના રથયાત્રા પર્વની ઉજવણી અન્વયે આગામી તા ૭ જુનના રોજ રથયાત્રા સમિતિની બેઠક મળશે. કોરોનાના કહેર વચ્ચે રથયાત્રાનુ આયોજન કરવા માટે આ બેઠક દરમિયાન સમિતિના સભ્યો અને હોદેદારો મહત્વના નિર્ણયો લેશે.

જય રણછોડ.. માખણ ચોર...ના જયઘોષ વચ્ચે હાથી, ઘોડા અને વિવિધ ભજન મંડળી સહીત બેન્ડની સુરાવલી સાથે છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી ગાંધીનગરમાં યોજાતી રથયાત્રાનુ આયોજન કરવા માટે આ વર્ષે આગામી તા ૭ જુન રોજ રથયાત્રા સમિતિની બેઠક મળશે. કોરોનાની મહામારીના કપરા કાળમાં આ વર્ષે રથયાત્રાનુ આયોજન કઈ રીતે કરવુ તે પણ વિચારવાલાયક બાબત છે. કોરોનાના કહેર વચ્ચે ભગવાનની રથયાત્રાના આયોજન સંદર્ભે આગામી દિવસોમં ખાસ બેઠક મળશે.

અમદાવાદમાં રથયાત્રા નિકળવાની છે ત્યારે ગાંધીનગરમાં મહામારીને અનુલક્ષી સરકારની મંજુરી સાથે જરૂરી નિયમોનુ પાલન કરવાનુ પણ અનિવાર્ય છે. સોશિયલ ડીસ્ટન્સીંગ, માસ્ક સહીતની બાબતો પણ સંક્રમણને અટકાવવા મુખ્ય જરૂરિયાત બની છે. ભગવાન જગન્નાથજી પ્રત્યે ભાવિકોની અખુટ આસ્થાનુ આ પર્વ ઉજવવા માટે નગરજનોમાં દરવર્ષે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળે છે. જયારે આ વખતે કોરાનાથી બચવા માટે ભાવિકોની ભીડ એકઠી ન થાય તે પણ અનિવાર્ય બન્યુ છે.

કોરોનાની મહામારીના લીધે રથયત્રા પર્વના આડે અવરોધો ઉભા થયા છે. જો કે આ મામલે રથયાત્રાનુ આયોજન શહેરમાં કઈ રીતે કરવુ તે અંગે પણ જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવશે. રથયાત્રા સમિતિના પ્રમુખ દિનેશ કાપડીયાએ આ અંગે ૭ જુનના રોજ બેઠક પણ બોલાવી છે. જેમા સમિતિના સભ્યો સહીત હોદેદારો પણ ઉપસ્થિત રહેશે.

## ગુજરાત વિધાનસભાની વિવિધ ૧૮ સમિતિઓની રચના કરાશે

ગુજરાત વિધાનસભાના નિયમોનુસાર દર વર્ષે બજેટસત્ર બાદ ગૃહની વિવિધ કુલ ૧૮ જેટલી સમિતિઓની રચના કરવામાં આવતી હોય છે. ભાગરૂપે ગૃહની ચાર નાણાકીય સમિતિઓ તથા ૧૪ બીન નાણાકીય સમિતિઓની નવેસરથી રચના કરવામાં આવનાર છે. અધ્યક્ષ દ્વારા સમિતિઓની રચના કરવા માટે નોમિનેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અંતર્ગત નાણાકીય સમિતિઓના ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ ૨૯મી જૂન, ૨૦૨૦ જ્યારે બીન નાણાકીય સમિતિઓના નોમિનેશન મોકલવાનો છેલ્લો દિવસ ૩૦મી જૂન, ૨૦૨૦ઠરાવવામાં આવ્યો છે.



આજે મેં (ડૉ. હિમાંશુ પટેલ, મહામંત્રીઃગુજરાત કોંગ્રેસ) ગૌમાતા પૂજન બાદ જગતતાત ડીઝીટલ આંદોલનના પ્રતિક ઉપવાસના ખેડૂત હિતચિંતક મુરબ્બી શ્રી સાગરભાઈ રબારી અને ભરતભાઈ ઝાલા દ્વારા પારણા કર્યા... પ્રતિક ઉપવાસ આંદોલનની પૂર્ણાહુતિ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકા વિપક્ષ નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, પ્રદેશ મંત્રી શ્રી જી.એમ.પટેલ, યુવા કોંગ્રેસ લોકસભા પ્રમુખ શ્રી જયદીપસિંહ ઠાકોર, કોર્પોરેટર શ્રી જયરાજસિંહ વાઘેલા ઉપરાંત મિત્ર વર્તુળ શુભેચ્છા મુલાકાતે આવેલ... પુનઃ હું ભાજપને સાચી સંવેદનશીલ સરકાર બની ખેડૂતોના દેવા - લાઈટબીલ માફ કરી પાકવીમા અને ચોમાસુસત્ર પહેલાં ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડે તેમજ ખેડૂત અગ્રણી પાલભાઈ આંબલીયા પર થયેલા અત્યાચારની ન્યાયિક તપાસ કરે...

### ચિલોડા હાર્ટએટેકથી અવસાન પામેલ

# હોમગાર્ડઝ જવાનનો પોઝીટીવ રીપોર્ટ આવતાં આરોગ્યતંત્ર હરકતમાં

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા જંકશન મથક એપ્રોચ રોડ મુખ્ય બજાર નજીક આવેલ ઈન્દિરાનગર વસાહતમાં ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટની ઓફિસમાં ફરજ બજાવતા ચિલોડા ગામના વતની અને ઈનચાર્જ ઓફિસર ૫૮ વર્ષીય નટવરલાલ જેઠાલાલ સોલંકીનું હાર્ટએટેકથી તા. ૩જી જૂનના રોજ અવસાન થયુ હતુ. ત્યારે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા.

પરંતુ મૃતક નટવરલાલ સોલંકીનો રીપોર્ટ પોઝીટીવ આવતાં તેમની ઓફિસર અને રહેઠાણ વિસ્તાર ગણાતો ઈન્દિરાનગર વિસ્તારમાં આરોગ્યતંત્ર અને સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા કોરોના પોઝીટીવ વિસ્તાર અને બજારમાં સેનેટાઈઝેશન રહીશોનું ટેમ્પરેચર ચેકથી કામગીરી આરંભી હતી. હવે આરોગ્યતંત્ર દ્વારા કોરોના વાયરસ સંક્રમણની વધુ જાણકારી અને કામગીરી વેગવંત કરવામાં આવી રહી છે. ચિલોડા વિસ્તારમાં કોરોનાનો પોઝીટીવના રીપોર્ટથી લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ૧૭થી વડતાલ સ્વામિનારાયણ મંદિરમાં ભક્ત દર્શન કરી શકશે

કોરોના મહામારીને કારણે કેન્દ્ર સરકારે લોકડાઉન ધીમે ધીમે ખોલવાનો પ્રયાસ શરૂ કર્યો છે. જેમાં મંદિરો પણ નિયમોને આધારે ૮ જૂનથી ખુલવાના છે. કોરોનાના કેસમાં વધારો થતા વડતાલ સ્વામિનારાયણ મંદિર અને તેના તાબાંના મંદિરો ૧૭ જૂનથી ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.વડતાલ સ્વામિનારાયણ મંદિર અને તેના તાંબાના મંદિરો સાળંગપુર (શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદા) વિગેરે તમામ મંદિરો ૧૭જૂન જેઠ એકાદશીના રોજ ખોલવાનો વડતાલ સંસ્થાએ નિર્ણય કર્યો છે.



હજુ શાળાઓ જુલાઈમાં શરૂ થશે કે કેમ તે અંગે ભારે અવઢવ પ્રવર્તી રહી છે અને બાળકો કોરોના સંક્રમણની ભીતિએ લાંબા ઉનાળુ વેકેશનને મન ભરીને માણી પણ શકતા નથી. જો કે કેટલાંક બાળકો આ સમયનો સદુપયોગ મા-બાપના પ્રોત્સાહનથી પોતાની સર્જનાત્મકતા ખિલવવા માટે પણ કરી રહ્યા છે. સે-૧૩ ખાતે રહેતી ૧૨ વર્ષીય જીયા ઉમંગ પાનવાલા જે કડી કેમ્પસની એસ.જી. સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરે છે તેણે પેન્સિલ ડ્રોઈંગ દ્વારા પોતાની ચિત્રકળાને નિખારવા આ સમયનો સુપેરે ઉપયોગ કરી રહી છે.


આપણે સ્વસ્થ તો રાષ્ટ્ર સ્વસ્થ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



**ચુસ્ત નિર્દેશોના પાલન સાથે અનલોક થશે શોપિંગ મોલ્સ-કચેરીઓ**



**ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સૂચિત નિર્દેશોનું પાલન કરવું જરૂરી છે...**

- મોલ અને ઓફિસમાં પ્રવેશતી વ્યક્તિને થર્મલ સ્ક્રીનિંગ અને હેન્ડ સેનિટાઇઝેશન બાદ જ પ્રવેશ આપવો તેમજ કર્મચારીઓ તથા ગ્રાહકો માટે માસ્ક અથવા ફેસ કવર ફરજિયાત બનાવવાં
- મોલમાં ગ્રાહકોની સંખ્યા અને સમય મર્યાદિત કરવો, દુકાનોમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ દર્શાવતાં માર્કિંગ કરી તેનું અચૂક પાલન કરાવવું તેમજ ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવું
- લિફ્ટનો ઉપયોગ કરનારાઓની સંખ્યા મર્યાદિત કરવી જોઈએ અને એસ્કેલેટર પર પણ એક અથવા બે પગથિયાં છોડીને લોકો ઊભા રહે એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ
- ઓફિસ તથા મોલના સમગ્ર પરિસર તથા વોશરૂમને સમયાંતરે ડિસઇન્ફેક્ટ કરવાં. ઉપરાંત, દરવાજાનાં હેન્ડલ, લિફ્ટનાં બટન, હેન્ડ રેલ, બેસવાનાં બાકડાં અને વોશરૂમનાં ફિક્સચર્સને એક ટકા સોડિયમ હાઇપોક્લોરાઇટ વડે જંતુમુક્ત કરવાં જોઈએ
- કર્મચારીઓની સંખ્યા અનુસાર લંચ અવર્સ કે ચા-પાણીના સમયમાં ફેરફાર કરી શકાય
- મોલના પાર્કિંગમાં જ્યાં વેલેટ પાર્કિંગની સુવિધા હોય, ત્યાં પણ કારની ચાવી, હેન્ડલ અને સ્ટીઅરિંગ ડિસઇન્ફેક્ટ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ
- આ દરમિયાન, મોલ્સમાં ચિલ્ડ્રન્સ પ્લે એરિયા, ગેમિંગ ઝોન અને થિયેટરો હજી પણ બંધ રહેશે
- ખાસઃ ૧૦ વર્ષથી નાની ઉંમરનાં બાળકો, સગર્ભા મહિલાઓ અને ૬૫ વર્ષથી વધુ ઉંમરના વડીલોએ શક્ય હોય, તો શોપિંગ મોલમાં ખરીદી અર્થે જવાનું ટાળીને ઘરે જ રહેવું હિતાવહ છે



ચીજવસ્તુની ખરીદી માટે સમુહમાં જવાનું ટાળીએ, અન્ય વ્યક્તિથી 'બે ગજ' જેટલું અંતર જાળવી સોશ્યલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય